અરવલ્લી-સાબરકાંઠા, બનાસકાંઠા અને મહેસાણા સહિત સમગ્ર ઉત્તર ગુજરાતના શ્રદ્ધાળુઓની આસ્થાનું કેન્દ્ર સમા માં વોકલ-વિરાત્રા ધામમાં ત્રિ દિવસીય મહામેળામાં મોટો જનસમુદાય ઉમટી પડ્યો હતો.ગુજરાતની સરહદે બાડમેર નજીક ચૌટન નજીક આવેલ વોકલ વિરાત્રા માતાજીના દર્શન અને અહીં યોજાયેલ યજ્ઞના દર્શન કરી ભાવિકો ધન્ય બન્યા હતા.ત્રિદિવસીય આ મહામેળામાં હજારો યાત્રિકોએ ઉમટી પડી માં શક્તિ દેવી વોકલ વિરાત્રા માતાજીના ધામમાં દર્શ. અર્ચન.. પૂજા કરી ધન્યતા અનુભવી હતી.ગુજરાત અને રાજસ્થાનથી મોટો મહેરામણની હૈયેહૈયું ચંપાય તેવી ભીડ દર વર્ષની જેમ આ વર્ષે પણ ઊમટતા મંદિર ટ્રસ્ટ દ્વારા તમામ પ્રકારની સેવા સુવિધાઓ ઉપલબ્ધ કરાવી હતી અને સહુએ ખડેપગે યાત્રિકોની સેવા કરી હતી.

ભિલોડા અર્બુદા કો. ઓ. સોસાયટીનું અઢી કરોડનું ફુલેકું

ભિલોડા,તા.૧૧

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં અર્બુદા ક્રેડિટ કો.ઓ.સો.લી.ની મોડાસા, ભિલોડા, બાયડ, હિંમતનગર, પ્રાંતિજ, ઈડર, ખેડબ્રહ્મામાં શાખાઓ કાર્યરત હતી. દરેક શાખાઓમાં લાખ્ખો કરોડો રૂપિયા ગ્રાહકોના ફસાયા હોવાના કારણે રોકણકારો ભારે મુંઝવણમાં મુંકાયા છે. અર્બુદા ક્રેડિટ કો.ઓ.સો.લી., ભિલોડા શાખાનું રૂા.અઢી કરોડનું ફુલેકું અનેક નાના-મોટા વેપારીઓના રોજે-બરોજની બચત રૂપે મુંકવામાં આવતા કરોડો રૂપિયા ફસાતાં નોટબંધી દરમ્યાન ગ્રાહકો ભારે મુંઝવણમાં મુંકાયા છે. અર્બુદા ક્રેડિટ કો.ઓ.સો.લી. સંચાલક મુળ રાજસ્થાન રાજ્યના શિરોહી જીલ્લાના ગોરા છાપરા,માઉન્ટ આબુના વતની છે. ભિલોડા-ઈડર ધોરીમાર્ગ ઉપર સહકારી જીનની સામે અર્બુદા ક્રેડિટ કો.ઓ.સોસાયટી લી. ભિલોડા શાખામાં એકા-એક ઓફીસને ખંભાતી તાળા લાગતા ગ્રાહકો ભારે મુંઝવણમાં મુંકાયા છે. ચોરે અને ચૌટે એક જ ચર્ચા લોકમુખે ચર્ચાય છે.

અર્બુદા ક્રેડિટ કો.ઓ.સો.લી. (મલ્ટી સ્ટેટ) હેડ ઓફીસ રાજસ્થાન રાજ્યના માઉન્ટ આબુ ખાતે આવેલ છે. ભિલોડા શાખાનો શુભારંભ તા.૨૧/૧૧/૨૦૧૩ ના રોજ યોજાયો હતો. અંદાજીત ત્રણ વર્ષના ગાળામાં ભિલોડા શાખામાં અંદાજીત રૂા.૨, ૫૦, ૪૧,૪૩૪/- નાના-મોટા વેપારીઓ, કર્મચારીઓના ફસાયા હોવાનું અર્બુદા ક્રેડિટ કો.ઓ.સો.લી., ભિલોડા શાખા મેનેજરએ જણાવ્યું હતું.

ગુજરાત અને રાજસ્થાનમાં અને રાજસ્થાનમાં ૪૭ શાખાઓમાં કરોડો રૂપિયાનું ફુલેકું ફેરવનાર સંચાલક ફરાર હોવાનું જાણવા મળેલ છે. અર્બુદા ક્રેડિટ કો.ઓ.સો.લી. ભિલોડા શાખા ધ્વારા ગ્રાહકોને આકર્ષવા માટે લોભામણી, લલચામણી લાલચો આપી પહેલાં તો વિશ્વાસ અને ભરોસો જીતી લીધો હતો પરંતુ આજે તો કરોડો રૂપિયા ફસાયા હોવાનું ગ્રાહકોએ જણાવ્યું હતું.

ગુજરાત અને રાજસ્થાનમાં ૪૭ શાખાઓ ધરાવતા અર્બુદા ક્રેડિટ કો-ઓ.સો.લી.ધ્વારા ભિલોડામાં વેપારીઓ વધુ વ્યાજ મેળવવાની ઘેલછામાં થાપણો, સેવીંગ્સ, ડેઈલી રીકરીંગમાં વધુ વ્યાજ મળવાની આશાએ રૂપિયા વ્યાજે મુક્યા હતા.જ્યાં લોભીયા હોય ત્યાં ધુતારા ભુખે ના મરે તે કહેવત ભિલોડામાં સાચી પડી હોય તેમ ઉંચા વ્યાજની લાલચએ ગ્રાહકોના કરોડો રૂપિયા ફસાયા છે. અર્બુદા ક્રેડિટ કો-ઓ.સો.લી .ભિલોડા શાખામાં ઓફીસને તાળુ મારી સંચાલકો ભુગર્ભમાં ચાલી ગયા હોવાનું લોકમુખે ચર્ચાય છે. અર્બુદા ક્રેડિટ કો-ઓ.સો.લી.ભિલોડા શાખા મેનેજર ભિલોડા પોલીસ સ્ટેશન, ડી.એસ.પી. કચેરી મોડાસા, એડીશનલ ડી.જી.પી. કચેરી, ગાંધીનગર અરજી આપી હોવાનું જાણવા મળેલ છે. અર્બુદા કો. ઓ. સો. લી. સંચાલકની ગુજરાત, રાજસ્થાનમાં અંદાજીત ૪૭ શાખાઓ સંચાલન કરતા કરતા હતા. ગ્રાહકોને આકર્ષવા માટે અવનવી મોટી-મોટી લોભામણી સ્કીમો ધ્વારા લલચાવતા હતા. ગ્રાહકોને અન્ય બેંકો કરતાં વધુ વ્યાજ આપવાની લાલચ આપવામાં આવતી હતી. ગ્રાહકોને ઘડીયાળ, ટ્રાવેલીંગ બેગ, કિચન, પેન, છત્રી, લેપટોપ બેગ,ગોલ્ડ કોઈનની સ્કીમ સહિત વિવિધ આકર્ષક સ્કીમો ધ્વારા ગ્રાહકોને આકર્ષતો હતો. દૈનિક બચત યોજના, માસિક બચત યોજના, ફિકસ બચત યોજના, બોનસ સ્કીમો ધ્વારા કરોડો રૂપીયા ગ્રાહકો પાસેથી એકત્રીત કરાતા હતા. ભિલોડાના વેપારીઓ, કર્મચારીઓના કરોડો રૂપિયા ફસાઈ જતાં ગ્રાહકો ભારે મુંઝવણમાં મુંકાયા છે.

સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં અવનવી લોભામણી સ્કીમો હાલના તબક્કે પણ કાર્યરત છે. ભોળા, અભણ પ્રજાજનોને છેતરતા સંચાલકો કાયદાઓના લીરેલીરા ઉડાડી રહ્યા છે પરંતુ વહીવટી તંત્રના અધિકારીઓ આંખ આડા કરી રહ્યા હોવાનું જાગૃત પ્રજાજનોએ જણાવ્યું હતું. ભિલોડામાં અંદાજીત એક વર્ષ પહેલાં એક વી.સી. સંચાલકે અંદાજીત રૂા.૫ કરોડનું ફુલેકું ફેરવ્યું હતું જેની શાહી આજ દિન સુધી સુકાઈ નથી તેમ વી.સી.માં ભાગ લેનાર સભ્યો ધ્વારા જાણવા મળેલ છે.

પ્રાંતિજના મજરા પાસે દારૂ ભરેલ કારને અકસ્માત નડ્યો

પ્રાંતિજ તા.૧૧ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ

તાલુકાના મજરા ચોકડી પાસે વહેલી સવારે રાજસ્થાન બાજુથી આવતી કાર અને સામે થી આવતી ટ્રક સાથે ધડાકા અથડાતા કારનો કુંચડો થઈ ગયો હતો અને કારમાં રહેલ વિદેશી દારૂ દારૂ રસીકો પોલિસ આવે તે પહેલાં લઈને છુમંતર થઈ ગયાં.

પ્રાંતિજ ના મજરા ત્રણ રસ્તા પાસે રાજસ્થાન તરફથી આવતી કાર નંબર- GJ6DQ7192 નો ચાલક ફુલ ફાસ્ટ હંકારી લાવીને સામે થી આવતી ટ્રક સાથે ધડાકા ભેર ટકકર મારતાં કાર નો કુચડો થઈ ગયો હતો અને કાર ચાલક સ્થળ ઉપર થી ભાગી ગયો હતો જયારે કારમાં રહેલ વિદેશી કંપનીનો દારૂ આજુ બાજુ માથી પ્રસાર થતાં તથા દારૂ રસિકો દારૂ માટે પડાપડી જોવાં મળી હતી અને ઠંડા પીણા ની બોટલ ની જેમ લઈ ગયાં હતાં અને અડધો કલાકમાં કારમાં ભરેલ ચીકો ચીક દારૂ પોલિસ આવતાં પહેલાં ગાયબ થઈ ગયો હતો જયારે પોલિસે સ્થળ ઉપર જઈને ખાલી કુચડો થયેલ કારનો કબજો લઈને ચાલક સહિત ગુનો નોંધી આગળ ની કાર્યવાહી હાથધરી છે.

શામળાજી પોલીસે ૮ કલાકમાં ૧૮ લાખનો વિદેશી દારૂ પકડ્યો

શામળાજી, તા. ૧૧

શામળાજી પોલીસે અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર રાજસ્થાન તરફથી ગુજરાત રાજ્યમાં પ્રવેશતા વાહનોનુ સઘન ચેકિંગ હાથ ધરતા આરટીઓ ચેકપોસ્ટ નજીક વેણપુર ગામની સીમમાંથી શુક્રવારે રાત્રીના ૮.૩૦ વાગ્યાના સુમારે ટેમ્પોમાંથી ૩.૧૨ લાખનો અને વહેલી સવારે ૪ વાગ્યાના સુમારે અન્ય એક ટ્રકમાંથી ૧૪.૯૪ લાખનો વિદેશી દારૂ ઝડપી પાડી ટેમ્પો ચાલકને ઝડપી પાડી જેલના સળીયા પાછળ ધકેલી દઈ અન્ય ફરાર આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં. ૮ પર આવેલી રતનપુર ચેકપોસ્ટ નજીક શામળાજી પોલીસે આંતરરાજ્યમાંથી વિદેશી દારૂ ઘુસાડવા સતત પ્રયત્નશીલ બુટલેગરોને ઝડપી પાડવા પેટ્રોલીંગની કામગીરી હાથ ધરી શંકાસ્પદ વાહનોનું ચેકીંગ હાથ ધરતા શુક્રવારે રાત્રીના ૮ વાગ્યાના સુમારે રાજસ્થાન તરફથી આવતા ટેમ્પો ટ્રક (ગાડી નં. એચઆર.૬૩.બી.૨૯)ને અટકાવી તલાસી લેતા પસ્તી અને બગડેલા કાગળોની આડમાં સંતાડીને લાવીને વિદેશી દારૂ અને બિયરની બોટલો નંગ ૧૧૨ કિંમત રૂ. ૩,૧૨૦૦૦ તેમજ ટેમ્પોની કિંમત રૂ. ૧૦ લાખ અને મોબાઈલ કિંમત રૂ. ૫૦૦ મળી કુલ રૂ. ૧૨,૧૨,૫૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી બધેલસીંગ શેરસીંગ ચમાર (ઉં.

શક્તિનગર, ફતેહાબાદ હરિયાણા)ની ધરપકડ કરી વિદેશી દારૂ ભરી આપનાર અમીતકુમાર (રહે. રોહતક હરિયાણા)ને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા. પ્રોહીબેશન એક્ટ હેઠળ કામગીરી હાથ ધરી હતી.

શનિવારે વહેલી સવારે રતનપુર ચેકપોસ્ટ નજીક શામળાજી પોલીસને વેણપુર ગામની સીમમાં પેટ્રોલીંગમાં જોતા સ્થળ પર ટ્રક (ગાડી નં. જીજે૦૬એવી. ૩૪૭૮) છોડી ટ્રકચાલક અને અન્ય શખ્સ ફરાર થઈ જતા શામળાજી પોલીસે બિનવારસી ટ્રકમાં તપાસ હાથ ધરતા ઘઉંના હુચેલ ભરેલ પ્લાસ્ટીકની બેગો નંગ ૪૮૦ની આડમાં સંતાડીને લવાતો ગેરકાયદેસર વગર પાસપરમીટનો વિદેશી દારૂની જુદા જુદા માર્કોની પેટીઓ નંગ ૨૪૯ તથા કુલ બોટલ નંગ ૬૫૫૨ કિંમત રૂ. ૧૪,૯૪,૦૦૦ તથા ટ્રકની કિંમત રૂ. ૧૦ લાખ અને તાડપત્રી કિંમત રૂ. ૧૦૦૦ મળી કુલ ૨૪,૯૫,૦૦૦નો મુદ્દામાલ ઝડપી પાડી ફરાર ટ્રકચાલક અને અન્ય એક શખ્સ વિરૂદ્ધ પ્રોહીબેશન એક્ટ હેઠળ ગુન્હો નોંધી ફરાર બન્ને આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

શામળાજી પોલીસ સક્રિય બનતા આંતરરાજ્ય બુટલેગરોમાં ફફડાટ ફેલાયો છે. આંતર રાજ્ય બુટલેગરો અરવલ્લી જિલ્લાની વિવિધ આંતરરાજ્ય સરહદો પરથી ગુજરાત રાજ્યમાં રોજીંદા કરોડો રૂપિયાનો વિદેશી દારૂ ઠાલવતા હોવાની ચર્ચાએ જોર પકડ્યુ છે.

મોડાસામાં રામયજ્ઞ માટે તૈયાર કરાઈ ૬૧ ફુટ ઊંચી યજ્ઞ શાળા

મોડાસા, તા.૧૧

મોડાસા ખાતે શ્રીરામ કથા અને શ્રીરામ યજ્ઞનું આયોજન કરાયું છે, ત્યારે યજ્ઞ માટે ખાસ યજ્ઞ શાળા બનાવવામાં આવી છે. ૬૧ ફુટ ઊંચી આ યજ્ઞ શાળામાં માત્ર વાંસ અને ઘાસનો ઉપયોગ કરવામાં આવ્યો છે. જયપુરના કારીગરો દ્વારા ૨૦ દિવસની મહેનત બાદ પવન આવે તો પણ તેને અસર ન થાય તેવી યજ્ઞ શાળા બનાવાઈ છે.

મોડાસામાં બાયપાસ રોડ નજીક રઘુકુલ ધામમાં ચિત્રકુટ ધામ વિકલાંગ વિશ્વવિદ્યાલયના કથાકાર જગદગુરુ સ્વામી શ્રી રામભદ્રાચાર્યજી મહારાજના સ્વમુખે ૧૧ ફેબ્રુઆરીથી ૧૯ તારીખ સુધી રામકથા યોજશે. જ્યારે ૧૭ફેબ્રુઆરીથી ૧૯ફેબ્રુઆરી સુધી ત્રણ દિવસ ૫૧ કુંડી શ્રી રામ મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. સાયરા રામજી મંદિરના બ્રહ્મલીન સંત વિષ્ણુદાસજી મહારાજના શુભાશિષથી અને મંદિરના મહંત રાજીવનદાસ મહારાજની પ્રેરણાથી યોજાનાર રામયજ્ઞ માટે ખાસ યજ્ઞશાળા બનાવવામાં આવી છે.

૧૫ હજારથી વધુ ચોરસફુટમાં માત્ર વાંસ અને ઘાસનો ઉપયોગ કરી ૬૧ ફુટ ઉંચી યજ્ઞશાળા બનાવવામાં આવી છે. આ યજ્ઞશાળા બનાવવા માટે માત્ર કાથીનો ઉપયોગ કરવામાં આવ્યો છે. ક્યાંય લોખંડની ખીલી કે તારનો ઉપયોગ કરાયો નથી. જયપુરના કારીગરો છેલ્લા ૨૦ દિવસથી આ યજ્ઞશાળા બનાવી રહ્યા છે. મોડાસા શહેરમાં પ્રથમવાર આ રીતે યજ્ઞશાળા બનાવવામાં આવી છે.

અમદાવાદના પાલડી ખાતે શહિદવીરને શ્રદ્ધાંજલિ

શહિદવીર કેપ્ટન નિલેશ સોનીની પ્રતિમાને પુષ્પાંજલિ કાર્યક્રમ આજે રવિવારના રોજ સવારે ૧૦.૩૦ કલાકે 'શહિદ વીર કેપ્ટન નિલેશ સોની સ્મારક' અંજલી બી.આર.ટી.એસ. પાસે ભદ્રા પાલડી, અમદાવાદ ખાતે રાખવામાં આવ્યું છે. દુનિયાની સૌથી ઊંચા યુદ્ધ ક્ષેત્ર સિયાચીન ગ્લેશિયર ખાતે ત્રણ માસની કપરી ફરજ બજાવી હતી. ૧૨-૧-૧૯૮૭ના રોજ ભારતીય લશ્કર દ્વારા પાકિસ્તાન સામે ખોવાયેલ 'મેઘદૂત ઓપરેશન' દરમિયાન શહિદ થયા હતા. જેમણે શહિદવીર કેપ્ટન નિલેશ સોની દેશના રક્ષણ માટે આપેલ પ્રાણની આહૂતિને ધ્યાનમાં લઈને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સ્વર્ગસ્થને મરણોત્તર સિયાચીન ગ્લેશિયર મેડલ આપીને નવાજવામાં આવ્યા હતા.

અરવલ્લી અને સાબરકાંઠા સહિત ઉત્તર ગુજરાતમાં પણ આજે પંડિત દિનદયાળ ઉપાધ્યાય બલીદાનદિને દરેક ઉપર પુષ્પાંજલિ અર્પિને શ્રદ્ધાંજલિ અર્પવાના કાર્યક્રમો યોજાયા હતા .વાઘપુર ગામના બુથ ઉપર માજી શિક્ષણ મંત્રી જયસિંહ ચૌહાણની ઉપસ્થિતિમાં આવો જ કાર્યક્રમ બુથના કાર્યકરો સાથે યોજાયો હતો.

પાલનપુર ખાતે યુવતીના શોષણમાં સાધ્વીની સંડોવણીની ફરિયાદ

પરિણીતાને મોહજાળમાં ફસાવી ૨૦ લાખની મત્તા પડાવી લેનાર યુવકની વ્હારે ચડનાર સાધ્વી આણી મંડળી સામે ફરિયાદ

પાલનપુર, તા.૧૧

બનાસકાંઠામાં સાધ્વી જયશ્રીકાગીરી પર આઠ અને અન્ય જગ્યાએ ત્રણ સહીત અત્યાર સુધી ૧૧ ફરિયાદો થઈ છે.ત્યારે સાધ્વી અને તેના સાગરિતો વિરુદ્ધ પાલનપુર મહિલા પોલીસ મથકમાં પણ યુવતીના જાતીય શોષણ માં સંડોવાયેલ યુવકની મદદગારી કરી પીડિતાને ધાકધમકી આપવાની નવીન ફરિયાદ નોંધાતા ચકચાર મચી જવા પામી છે.

પાલનપુરના મહિલા પોલીસ સ્ટેશનમાં પોતાની ફરિયાદ નોધાવા આવેલી પીડિત યુવતીએ ચોધાર આંસુએ રડતા જણાવ્યું હતું કે મારા લગ્ન સમાજ રીતી રીવાજ મુજબ થયા હતા.જોકે, આરોપી એવા પ્રવીણ ભવાનભાઈ ત્રિવેદી રહે. નંદનવન સોસાયટી, આબુરોડ હાઈવે,પાલનપુર વાળાએ મને પોતાની હવસ સંતોષવા અને લૂંટી લેવા ટાર્ગેટ બનાવી હતી. અને પ્રથમ વાર મારી મરજી વિરુધ્દ મારી સાથે દુષ્કર્મ આચર્યું હતું. અને તે બાદ અને મને ભોળવી મારા પતિ નું ઘર તરછોડી દેવા મજબુર કરી હતી. તેમજ તે પરણિત હોઈ અને નોકરી કરતો હોઈ કાયદેસર બીજા લગ્ન નહિ કરી શકે તેવું બહાનું બતાવી તેને ૨૫ જુન ૨૦૧૬નો નોટરી રૂબરૂનો એક મેત્રી કરાર કર્યો હતો અને પીડિતા ગીતા જોશીને પત્ની તરીકેના બધા હક્કો આપવા અને જીવે ત્યાં સુધી તેનું પૂરું કરવા લેખિત ખાતરી આપી તેની માંગ ભરી, પત્ની બનાવવા નું નાટક રચ્યું હતું. જોકે તે બાદ પીડિતા નાં મકાનને વેચી તેના ઘરેણાં પડાવી તેમજ રોકડ રકમ પણ લુંટી લઈ પીડિતા પાસેથી રૂ. ૨૦ લાખની મત્તા પડાવી લીધી હતી. જોકે તે બાદ પીડિતાને પોતાની જાતીય સતામણી સાથે ઠગાઈની જાણ થતા તેને પોતાની મૂડી પાછી માંગી હતી.

જોકે લંપટ એવા પ્રવીણ ત્રિવેદી એ ગીતાને ચોરી ઉપર સીના જોરીની જેમ એક બંગલામાં સમાધાન માટે બોલાવી હતી જ્યાં બનાસકાંઠામાં હાલ બહુચર્ચિત બનેલ અને ૧૧ જેટલી વિવિધ ફરિયાદમાં જેમની સંડોવણી છે. તેવા સાધ્વી જયશ્રીગીરી અને તેના સાથીદાર ચિરાગ રાવલ અને અન્ય ગુંડાઓને બોલાવી પીડિતા ગીતા ને માર માર્યો હતો. અને તેના અસલ દસ્તાવેજી પુરાવા સમાન કાગળો પડાવી લીધા હતા. જેથી ભયભીત અને પીડિત બનેલ આ યુવતીએ બનાસકાંઠાના ડી. એસ.પી.નું શરણ લઈ રક્ષણ અને ન્યાય માંગતા તેમની દરમ્યાનગીરીએ પાલનપુર મહિલા પોલિસમાં આરોપી એવા પ્રવીણ ભવાનભાઈ ત્રિવેદી ,સાધ્વી જયશ્રી ગીરી, ચિરાગ રાવલ અને અન્યો વિરુધ્દ ફરિયાદ નોધાઈ હોવાના અહેવાલ મળ્યા છે.

આમ, જાતીય સતામણી કરી યુવતીને બરબાદ કરનાર હવસખોર સાથે સાધ્વીએ સાથ નિભાવી તેના સાથીદારો સાથે યુવતીને ધમકાવી માર મારતા આ સમગ્ર મામલો ચકચારી બન્યો છે. ત્યારે સમગ્ર મામલાની મહિલા પોલીસ મથક પાલનપુર દ્વારા ગુનો નોધી તપાસ હાથ ધરવામાં આવી છે.

પાર્ટીમાં માતાજી..!!!

વિવાદનો પર્યાય બનેલા સાધ્વી જયશ્રીગરીના નામે નિતનવા વિવાદો બહાર આવી રહ્યા છે. ત્યારે ×માતાજી× નો વધુ એક વિડિઓ વાયરલ થયો છે. જેમાં મુક્તેશ્વર મઠની ભગવાધારી સાધ્વી સાંસારિક મોહમાયામાં લિપ્ત બની પાર્ટીમાં મહાલતા જોવા મળે છે. આમ, અનેક કારનામાઓને અંજામ આપનાર સાધ્વી એક અનોખો અંદાજમાં જોવા મળે છે.

સાધ્વીની વધુ એક ઓડિયો ક્લિપ વાયરલ

મુક્તેશ્વર મઠના સાધ્વી જયશ્રીગિરીની પઠાણી ઉઘરાણી કરતી વધુ એક ઓડિયો કલીપ વાયરલ થઈ છે. પીડિત રાકેશ ચૌહાણ સાથેની કલીપમાં સાધ્વી વ્યાજની પઠાણિ ઉઘરાણી કરે છે. તેઓ પોલીસ કર્મીઓઓ સહિત પીડિતની પત્ની વિશે અભદ્ર ભાષાનો પ્રયોગ કરતી સંભળાય છે. પઠાણિ ઉઘરાણીમા સાધ્વીનો સાંગરીત ચીરાગ રાવલ પણ જોડાયો છે. આ અંગે પણ પીડિત પાલનપુર પૂર્વ પોલીસ ફરિયાદ નોંધાવે તેવી શક્યતાઓ વર્તાઈ રહી છે.

સાધ્વીને વડગામ કોર્ટમાં રજૂ કરાયા

સાધ્વી જયશ્રીગિરીના ૨ દિવસના રિમાન્ડ પૂર્ણ થતા આજે તેઓને વડગામ કોર્ટ માં રજૂ કરાયા હતા. જ્યાં પોલીસે વધુ ૫ દિવસના રિમાન્ડની માંગ કરી હતી. જોકે, કોર્ટ દ્વારા વધુ રિમાન્ડની માગણી ના મંજુર કરાઈ હતી. સાધ્વી સામે વડગામ પોલીસ મથકે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધાયો હોઈ તેમાં સાધ્વીની ધરપકડ થઈ શકે છે.

સરકારે ટ્રસ્ટ પર કબ્જો કર્યો છે મઠ પર નહીં : સાધ્વી

મુક્તેશ્વર મઠના સાધ્વીના રિમાન્ડ પુરા થતા આજે કોર્ટમાં રજૂ કરાઈ હતી. જ્યાં વધુ રિમાન્ડની પોલીસની માંગણી ના-મંજુર કરાઈ હતી. ત્યારે વડગામ કોર્ટ બહાર આવેલા સાધ્વીએ મીડિયા સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, સરકારે ટ્રસ્ટ પર કબ્જો કર્યો છે. મઠ પર નહીં. મઠ બનાસકાંઠા પહેલાનો છે. પ્રાચીનકાળનો મઠ સાધુ સંતોનો છે. સરકારનો નહીં. વધુમાં તેઓએ વડગામના ધારાસભ્ય મણિલાલ વાઘેલાને આડે હાથ લેતા તેઓ મઠનું નહીં પરંતુ વડગામનું ધ્યાન રાખે તેવી માર્મિક ટકોર કરી હતી. દરમિયાન, ગૃહમંત્રીના નિવેદન પર ટિપ્પણી કરવાનું ટાળતા તેઓએ જણાવ્યું હતું કે, સરકાર એમની છે ગમે તે નિવેદન આપી શકે છે.